અપીલ અરજી નં.૪૪૬ તા.૧–૧૨ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કે.એ.ઘીવાલા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કે.એ.ઘીવાલાની તા. ૧૫–૧૦–૧૧ની અરજીથી સુરત શહેરની મ્યુ. કોર્પોરેશનની હદ વિસ્તારમાં રીપેરીંગ કરવા માટે જે તે ઝોનના ખાતાના રીપેરીંગ કરવાને લગતી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૪૬/૨૦૧૧–૧૨

શ્રી કે.એ.ઘીવાલાની તા. ૧૫–૧૦–૧૧ની અરજીથી સુરત શહેરની મ્યુ. કોર્પોરેશનની હદ વિસ્તારમાં રીપેરીંગ કરવા માટે જે તે ઝોનના ખાતાના રીપેરીંગ કરવાને લગતી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ના પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ / આઉટ / નં.૧૪૭૨ તા. ૧૧–૧૧–૧૧ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી અંગે જોગવાઈ સહ દફતરી હકીકત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૩૩ તા.૧૪–૧૨–૧૧ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં પ્રથમદર્શી રીતે કાર્યવાહી હાથ ધરવાની રજૂઆત જણાય છે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને(જે)મુજબ મુળ અરજીથી માંગેલ પૈકી કઈ માહિતી મળેલ નથી તે નકલ આધાર, મુળ અરજીની નકલ–ફીની વિગત સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/૧૮૪૮ તા.૨૯–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૭૨ તા.૧૧–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૧૫–૧૦–૧૧ ની અરજીથી સુરત શહેરની મ્યુ. કોર્પોરેશનની હદ વિસ્તારમાં રીપેરીંગ કરવા માટે જે તે ઝોનના ખાતાના રીપેરીંગ કરવાને લગતી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૭૨ તા.૧૧–૧૧–૧૧ થી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) કોઈ પણ ઝોનમાં આવેલ કોઈ પણ ટેનામેન્ટ, મકાન, દુકાન વગેરે ના માલિક કે ભાડુઆત ધ્વારા રીપેરીંગ કરવું હોય તો રીપેરીંગ કરવાની ખાતા પાસે પરવાનગી લેવી પડે? મુદ્દા નં.(૨) કોઈ પણ જાતના રીપેરીંગ કરવા ( કાચા બાંધકામને રીપેરીંગ કરી ગર્ડર ચેનલવાળા રીપેરીંગ કરવા માટે) જે તે ઝોનના જુના જર્જરીત કે કાચા બાંધકામની સ્ટ્રકચર સ્ટેબીલીટી રીપોર્ટ અને હયાત સ્ટ્રકચરને જેને રીપેરીંગ કરવાનું છે તેના ફોટા વગેરે રજૂ કરવા પડે છે? મુદ્દા નં.(૩) જો કાચા બાંધકામને પાકુ ગર્ડર ચેનલવાળુ રીપેરીંગ કરવા માટે ખાતાને આપેલ અરજી સાથે સ્ટ્રકચર સ્ટેબીલીટી રીપોર્ટ રજૂ કરેલ તેના ઉપર જે મકાન કાચુ રીપેરીંગ કરવાનું છે તેનો ટેના મેન્ટ નંબર દર્શાવ્યો હોય તે જ ટેનામેન્ટ રીપેરીંગ કરવો પડે ને? મુદ્દા નં.(૪) કાચા બાંધકામનો સ્ટેબીલીટી રીપોર્ટ, હયાત જે રીપેરીંગ થવાનો છે તે ટેનામેન્ટના સ્ટ્રકચરમાં ફોટા ઉપર જણાવેલ (દર્શાવેલ) ટેનામેન્ટ સિવાય (દર્શાવેલ) ટેનામેન્ટના બદલે અન્ય ટેનામેન્ટ જે તે સર્વે/વોર્ડ નંબર માં રીપેરીંગ કરી શકાય? મુદ્દા નં.(૫) જેટલા માપનું જુનું ટેનામેન્ટ હોય તે માપનું જ રીપેરીંગ કરી બનાવી શકાય ને? (સ્ટ્રકચરની લંબાઈ, પહોળાઈ, ઉંચાઈમાં ફેરફાર કર્યા સિવાય રીપેરીંગ કરવું પડે ને?) મુદ્દા નં.(૬) શહેર વિકાસ વિભાગને જે તે ઝોનમાં

રીપેરીંગ કરવા મંજુરી માટે કરવી પડતી અરજીમાં કયા નંબરનો ટેનામેન્ટ રીપેરીંગ કરવાનો છે તેની જાણકારી તે આપવામાં આવતી અરજી ઉપર દર્શાવવો પડે ને? વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૭૨ તા.૧૧–૧૧–૧૧ થી સામાન્ય સભા ઠરાવ નં.૨૩ તા.૧૯–૪–૭૯ થી મંજુર થયેલ નીતિ – નિયમો અનુસાર કાર્યવાહી કરવાની રહે છે જેની નકલ સામેલ છે. જે અંગે અરજદારે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૭૨ તા.૧૧–૧૧–૧૧ ના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે માંગેલ માહિતી કલમ–૪(૧) (બી) હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં આવતી હોવા છતાં ઉડાઉ જવાબ આપ્યાની રજૂઆત કરેલ છે. વધુમાં ઠરાવની નકલ પત્રક–અ માં જણાવેલ ૧૭ કામો કરવા માટે કામ શરૂ કરતાં અગાઉ જાણકારી પહોંચ લેવાની રહેશે. તો રીપેરીંગ અર્થે આવેલ ૧૨/૧૩૫૨ ના ભાડુત સૈયદ અબ્બાસની રીપેરીંગ કરવાનો ટેના. નં.૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ રજૂ કરેલ છે જે રીપેરીંગ થયો નથી અને ૧૨/૧૩૫૨ માં આવેલ નથી. તો મ્યુ. કોર્પોરેશનના ખાતાને જ કાર્યવાહી કરવાની રહે તેમજ પત્રકમાં દર્શાવેલ કામ એટલે કે પત્રમાં સમાવેશ થતો નથી એવું કોઈ કામ કરવામાં આવશે તો તે ગેરકાયદેસર બાંધકામ અરજદારે દુર કરવાનું રહેશે અને તે કમિ.શ્રી બાંધકામ કરનારના ખર્ચે અને જોખમે કરશે તેવું અનુક્રમ નં.૫ ની નોંધમાં સ્પષ્ટ પણે જણાવેલ છે. તેવી રજૂઆત અરજદારને કરેલ છે. આમ અરજદારની રજૂઆત પ્રથમદર્શીય રીતે કાર્યવાહી હાથ ધરવા અંગેની જણાય છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. અરજદાર કાર્યવાહીને લગતી રજૂઆત બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૧૦–૧૧ થી માંગવામાં આવેલ માહિતી પેટે જાહેર માહિતી અધિકારી ધ્વારા મકાનમાં સુધારા–વધારા રીપેરીંગને લગતી જોગવાઈ સા. સભાના ઠરાવની નકલ પૂરી પાડેલ છે. જે સ્વયં સ્પષ્ટ હોઈ અરજદારની અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. અરજદારની તેવી જોગવાઈ અંગે જાહેર માહિતી અધિકારીનો વ્યકિતગત કેસ દીઠ અભિપ્રાય મંતવ્ય સર્જન કરી આપવાનો આગ્રહ કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) સાથે સુસંગત નથી. અરજદાર કાર્યવાહીને લગતી રજૂઆત બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી કે.એ.ઘીવાલા,